# સે-૬ માં જ-કક્ષાના જોખમી આવાસો ખાલી કરાવવા તંત્રએ ઓપરેશન હાથ ધર્યુ

**અનેકવાર નોટીસ અપાયા બાદ પણ રહીશો ભયજનક મકાનો ખાલી ન કરતા તંત્રની ટીમ પોલીસ સાથે ત્રાટકી : જ કક્ષાના ૧૩ મકાનો ખાલી કરાવાયા : સેકટરમાં ૧૭ જોખમી બ્લોક તોડવાનુ કામ પણ શરૂ : રહીશો ટ્રેકટરમાં સામાન ભરીને અન્ય સેકટરમાં રવાના થયા**













ગાંધીનગર તા ૬

ગાંધીનગરના સેકટરો સરકારી આવાસોથી ભરચક હતા જો કે હવે ચાર દાયકાથી વધુ સમયના અંતે ખંડેર બનેલા આવાસો કર્મચારીઓને માથે પાકી છત આપી શકે તેવી હાલતમાં નથી જોખમી આવાસોનો તંત્ર દ્વારા તબક્કાવાર કડુસલો કરવામાં આવે છે. સે-૬ માં લાંબા સમયથી જ કક્ષાના જોખમી આવાસોમાં કર્મચારીઓનો વસવાટ હતો અનેકવાર નોટીસ આપવા છતા રહીશો જોખમી આવાસો ખાલી ન કરતા આજે સવારથી જ તંત્રની ટીમ પોલીસ બન્દોબસ્ત સાથે સ્થળ પર પહોંચી હતી સેકટરમાંથી જ કક્ષાના૧૩ જેટલા મકાનો ખાલી કરવાયા હતા જયારે ૧૭ જોખમી બ્લોક તોડવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ હતુ. રહીશોએ તેમનો સામાન ટ્રેકટરમાં ખસેડવાનુ શરૂ કર્યુ હતુ જો કે જોખમી આવાસોના બદલે આ પરિવારોને વિભાગ કક્ષાએથી અન્ય સેકટરમાં સલામત મકાનો પણ ફાળવવામાં આવ્યા છે.

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો વર્ષોના અંતે હવે રહેણાંકને લાયક રહ્યા નથી. વર્ષ ૨૦૦૫માં નિકાલ હેઠળના મકાનો જાહેર થયા બાદ તબક્કાવાર જોખમી આવાસોનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે ભયજનક મકાનો તોડવા માટે કામ શરૂ થયુ હતુ. એકબાજુ જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં કર્મચારીઓ પરિવાર સાથે વસવાટ કરતા હોવાથી આવાસો ખાલી કરાવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. કર્મચારીઓના પરિવારજનો વર્ષોથી સરકારી આવાસમાં રહેતા હોવાના લીધે તેમને મકાન પ્રત્યે એકપ્રકારનો લગાઉ પણ થઈ ગયો

● અનુસંધાન પાન-૭ પર

## સે-૬ માં આવાસો ખાલી કરવા તંત્રએ સાતવાર નોટીસ આપી હતી

શહેરમાં જોખમી આવાસોના મામલે તબક્કાવાર વિભાગ કક્ષાએથી મંજુરી મળતા ભયજનક મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવે છે. ચાર દાયકાથી વધુ સમયથી જુના અને જર્જરિત મકાનો હવે રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે તં દ્વારા જોખમી આવાસો ખાલી કરવા માટે રહીશોને અનેકવાર નોટીસ આપી સચેત કરવામાં આવે છે. આમછતા આવાસમાં વર્ષોથી રહેતા પરિવારજનો મકાન ખાલી કરતા નથી. સે-૬ માં પણ જ કક્ષાના રહીશાને તંત્રએ અત્યાર સુધી સાત વાર નોટીસ આપી હતી પરંતુ મકાન ખાલી કરતા ન હતા જેના લીધે આજે તાત્કાલિક મકાનો ખાલી કરાવવા તંત્રએ કડકરાહે કામગીરી હાથ ધરી હતી.

## આવાસમાં રહેતા પરિવારોને અન્ય સેકટરમાં મકાન ફાળવી દેવાયા

સે-૬ માં આજે જુના અને જર્જરિત આવાસો ખાલી કરાવવા તંત્રની ટીમ પહોંચી હતી જયારે પોલીસ બન્દોબસ્ત વચ્ચે વર્ષોથી આ જોખમી મકાનો ખાલી કરાવાયા હતા. તંત્ર દ્વારા આવાસમાં રહેતા પરિવારોને અન્ય સેકટરોમાં મકાન પણ ફાળવી દેવાયા છે. પરંતુ રહીશોને સેકટર છોડીને જવુ ન હતુ. મકાનો જોખમી હોવા છતા લાંબા સમયથી રહીશો આવાસને કબજામુકત કરવા તૈયાર ન હતા. જેના લીધે તંત્રની ટીમ આજે બુલડોઝર અને પોલીસ બન્દોબસ્ત સાથે સ્થળ પર પહોંચી હતી. જ કક્ષાના ૧૩ જેટલા મકાનો ખાલી કરાવાયા હતા સુત્રોના જણાંવ્યા મુજબ આ તમામને અન્ય સેકટરોમાં સલામત આવાસ ફાળવી દેવાયા છે.

## જોખમી આવાસોનો નિકાલ થતા જગ્યા ખુલ્લી થશે

સેકટરમાં આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા દરમિયાન એકબાજુ ટ્રેકટરમાં સામાન ભરાતો હતો બીજીતરફ મકાનો તોડવાનુ કામ પણ ચાલી રહ્યુ હતુ. સેકટરમાં નવા આવાસોને અનુલક્ષી ટુંકમાં આયોનજ કરવામાં આવશે જયારે જુના અને જોખમી આવાસો તોડવાની કામગીરીમાં ઝડપ આવતા હવે નવા સરકારી આવાસોના નિર્માણ માટે જગ્યા ખુલ્લી થશે

## માર્ગ મકાન વિભાગે સાત એજન્સીને સાથે રાખી કામ કર્યુ

સે-૬ માં ભયજનક મકાનો ખાલી કરાવવા આજે સવારથી જ તંત્રની ટીમ સ્થળ પર પહોંચી હતી. સેકટરના જ કક્ષાના મકાનોમાં વર્ષોથી રહેતા રહીશોને આ ભયનજક મકાનો ખાલી કરી દેવા માટે પણ સુચના આપી હતી. માર્ગ મકાન વિભાગ ટીમ પોલીસ બન્દોબસ્ત સાથે સ્થળ પર કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન ફાયરબ્રિગેડ, ટોરેન્ટ , પાણી , ગટર , અને ગુજરાત ગેસ સહીતની એજન્સીની મદદ લેવાઈ હતી. તંત્રએ કુલ સાત એજન્સી સાથે મળીને આ આવાસો ખાલી કરાવવા માટે યુધ્ધના ધોરણે કામ હાથ ધર્યુ હતુ.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ૧૧મીએ ગાંધીનગર-કલોલની મુલાકાતે આવશે

**નારદીપુરના પુરાણા તળાવ હેરનું રિ-ડેવલપમેન્ટ શરૂ કરાવશે : દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત વિકાસ કામોને લઈ અધિકારીઓ સાથે બેઠક કરશે**

ગાંધીનગર, તા. ૬

આગામી ૧૧મી જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગર તેમજ કલોલ તાલુકાની મુલાકાતે આવી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ કલોલ શહેરમાં અને તાલુકાના કેટલાક વિકાસના કામોનું લોકાર્પણ કરશે. તેઓ કલોલ તાલુકાના નારદીપુર ખાતે તળાવનું રિનોવેશન કરવાના કામનો શુભારંભ કરાવશે. તાલુકાના તળાવોના રિ-ડેવલપમેન્ટનો પ્રજેક્ટ તેમણે તેમના સંસદીય મત વિસ્તાર માટે અમલી બનાવેલ દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરવામાં આવી રહેલ છે. નારદીપુર સહિત કલોલ તાલુકાના



૮ થી ૯ જેટલા મોટા તળાવોના રિ-ડેવલપ કરી ગ્રામ વિકાસને નવી દિશા આપવાનો અભિગમ છે. સી.એસ.આર. ફંડની મદદથી તેઓ આ દિશામાં આગળ વધી રહ્યા છે.

તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ પણ કરવાના છે. આ પછી તેઓ અધિકારીઓ સાથે દૃષ્ટિ પ્રોજેક્ટને લઈ વિશેષ ચર્ચાઓ કરવાના છે.

કેન્દ્રીય ગૃહમંત્રી ફોરેન્સીક સાયન્સ યુનિ.ના પદવીદાન સમારોહમાં પણ હાજરી આપનાર છે. ૧૨મીએ તેઓ અમદાવાદની રથયાત્રામાં પણ જોડાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે દેશમાં ગાંધીનગર સંસદીય વિસ્તાર આદર્શ સંસદીય વિસ્તાર બને તેવો સંકલ્પ કર્યો છે. તેઓ ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાંથી સૌથી વધુ સરસાઈ સાથે વિજયી થયા હતા.

તેમણે કોરોનાની મહામારી સમયે કોલવડા આયુર્દ હોસ્પિટલ ખાતે ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યા પછી મહાત્મા મંદિર ખાતે ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલના નિર્માણ કાર્યની જાહેરાત કરી હતી. તેમણે મહામારીના સમયમાં પાંચ એમ્બ્યુલન્સ તેમજ બે આધુનિક લેબ ઓન વ્હીલ્સ પણ આપી હતી. આ ઉપરાંત ઓક્સિજન કોન્સ્ટ્રેટર અને બાયપેપ પણ ફાળવી આપ્યા હતા જે નોંધનીય છે.

## જિલ્લામાં ૧૧મી જુલાઈએ હળવા વરસાદની સંભાવના

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ૧૧મી જુલાઈએ હળવો વરસાદ થશે તેવી સંભાવના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૨૮ માં વ્યક્ત કરાઈ છે.

દાંતીવાડા કૃષિ યુનિ. દ્વારા જારી કરવામાં આવેલ આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને ૧૧મીએ જિલ્લામાં હળવો વરસાદ થવાની સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ૭ જુલાઈથી ૧૧ જુલાઈ દરમ્યાન મહત્તમ તાપમાન ૩૮-૩૯ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૬ થી ૬૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૮ થી ૨૧ કિ.મી. પ્રતિ કલાક રહેવા શકયતા છે. દરમ્યાન હવામાન વિભાગના સૂત્રો ૧૧ થી ૧૭ જુલાઈ દરમ્યાન રાજયમાં છુટા છવાયા સ્થાનો પર હળવો વરસાદ થવાની સંભાવનાઓ છે.

## દહેગામના સાણોદામાં આજે ૩ કેસ નોંધાયા

**શહેરમાં સતત બીજે દિવસે '૦' કેસ : ૨ ને ડિસ્ચાર્જ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં આજે સતત બીજે દિવસે એક પણ કેસ કોરોનાનો નોંધાયો નથી.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાણોદા ગામેથી ૩ કેસ મળી આવેલ છે. જેમાં બે ખેડૂત અને એક ગૃહીણીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા આ ૩ એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૬૪૪ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૪ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. દહેગામ તાલુકામાં સંક્રમણને લઈ સઘન સર્વેલન્સની સૂચના જિલ્લા દ્વારા આપવામાં આવી છે.

શહેરમાં આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમનો ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે ૪ જેટલા દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

## શરમ... સિવિલમાં આઈ ઓટીમાં ગંદા પાણી ફરી વળતા ૧૦ ઓપરેશન રદ

**ગાંધીનગર સિવિલમાં લીફ્ટ માં પાણી ભરાઈ જવાની વર્ષો જુની સમસ્યા છે તે પણ તંત્ર દ્વારા હજુ સુધી દુર થઈ નથી. તો વરસાદી પાણી પણ વીઆઈપી વોર્ડ કે મેડીસીન રૂમ સુધી પણ પહોંચી ગયાના કિસ્સા છે**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં એક શરમજનક કિસ્સો બનવા પામ્યો છે. આંખના ઓપરેશન વિભાગમાં શૌચાલયના ગંદા પાણી ફરી વળતા ૧૦ ઓપરેશન રદ કરવામાં આવ્યા હતા. અચાનક ઓપરેશન રદ થતા દર્દીઓ કફોડી સ્થિતિમાં મુકાઈ ગયા હતા. ત્યારે ત્રીજી લ્હેરની તૈયારીમાં વ્યસ્ત સિવિલ તંત્રના સત્તાધિશોએ આ પ્રકારની સમસ્યાઓ પહેલા દુર કરવી જરુરી બન્યું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પીઆઈયુ વિભાગના ભ્રષ્ટ્ર તંત્રની વધુ એક સમસ્યા સામે આવી છે. ગાંધીનગર સિવિલ એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાઈ છે. આઈ ઓટીમાં છેલ્લા કેટલાક સમયથી શૌચાલયમાંથી પાણી બહાર આવે છે. પરંતુ પીઆઈયુ વિભાગ દ્વારા તેનું કાયમી નિરાકરણ લાવવામાં આવતું નથી. સમગ્ર રાજયના આરોગ્ય વિભાગનો જે સ્થળ થી વહીવટ થાય છે તેના સામન્ય અંતરે આવેલી ગાંધીનગર હોસ્પિટલમાં આ પરિસ્થિતઓ સર્જાય છે. તો અન્ય હોસ્પિટલની દુર્દશા કેવી હશે તે વિચારવું રહ્યું. ગાંધીનગર સિવિલમાં લીફટ માં પાણી ભરાઈ જવાની વર્ષો જુની સમસ્યા છે તે પણ તંત્ર દ્વારા હજુ સુધી દુર થઈ નથી. તો વરસાદી પાણી પણ વીઆઈપી વોર્ડ કે મેડીસીન રૂમ સુધી પણ પહોંચી ગયાના કિસ્સા છે. ત્યારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં યોગ્ય જાળવણીના અભાવે સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. સિવિલમાં મહિનાઓ પછી કોવીડ બાદ નોન કોવીડની સારવાર શરુ કરી દર્દીઓની આરોગ્યલક્ષી સુવિધાનો લાભ મળે તે દિશામાં તંત્રના પ્રયત્નો છે.

ત્યારે સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસ સ્થિત નવી બિલ્ડીંગના પહેલા માળે આવેલા આંખ ઓપરેશન થિયેટરમાં ગંદા પાણી ફરી વળતા ૧૦ જેટલા ઓપરેશન રદ કરવા પડ્યા છે. તંત્ર દ્વારા પહેલા માળે પાણી ભરાયેલાનો નિકાલ કર્યો હતો. પરંતુ ઓપરેશન અચાનક રદ થતા દર્દીઓની હાલત કફોડી બની જવા પામી હતી. ત્યારે સિવિલના એસઆઈએ પણ હોસ્પિટલમાં રાઉન્ડ લઈને નાની બાબતોનું ધ્યાન રાખી તાત્કાલીક અસરથી તેનું સમારકામ કરાવી સમસ્યાને ઉગતી ડામવી જોઈએ.

## કલોલમાં કોલેરાના કેસો : નગરપાલિકાના બે કિ.મી. વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કરાયો

**જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લીધી કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે કલોલ સીટી મામલતદારની નિમણૂંક કરાઈ**

ગાંધીનગર, તા. ૬

કલોલ શહેરમાં કોરોના પછી હવે કોલેરાનું આગમન થયુ છે. કલોલ નગરપાલિકાના ૨ કિ.મી. વિસ્તારને કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે ઘોષિત કરતુ જાહેરનામુ આજે જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જારી કર્યુ છે.

કલોલ શહેરમાં પરમ દિવસે નોંધાયેલા ઝાડા-ઉલ્ટીના કેસો પછી હરકતમાં આવેલા આરોગ્યતંત્રએ ઝાડા-ઉલ્ટીના નમુના પરીક્ષણ માટે મોકલ્યા હતા અને તેમાં કોલેરા પોઝીટીવ જણાતાં તંત્રએ આજે આ અંગેનું જાહેરનામુ જારી કર્યુ છે.

કલોલ શહેરના આ અસરગ્રસ્ત વિસ્તારમાંથી આજે પણ ૨૦ જેટલા નવા કેસ મળી આવ્યા હતા. આરોગ્યતંત્રએ અસરગ્રસ્ત વિસ્તારમાં કામચલાઉ ઓ.પી.ડી. પણ કાર્યરત કરી દીધી છે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ ધી એપેડેમીક ડિસીઝ એક્ટ-૧૯૮૭ ની કલમ-૨ અન્વયે કોલેરા રેગ્યુલેશન તા. ૨૩-૫-૫૬ ના મુંબઈ સરકારશ્રીના એકસ્ટ્રાઓર્ડીનરી ભાગ-૪માં પ્રસિદ્ધ થયેલ છે તે રેગ્યુલેશન ૨, ૩, ૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આ વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરેલ છે.

આ વિસ્તારમાં કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે કલોલ સીટી મામલતદારની નિમણૂંક કરવામાં આવી છે.

દરમ્યાન કલોલ નગરપાલિકાએ શહેરમાં ગટર સફાઈ માટેના મશીનો મંગાવી અને તે અંગેની કામગીરી પણ હાથ ધરી છે. આ ઉપરાંત પાણીની પાઈપલાઈનના લિકેજીસ શોધી શોધી તેને તાત્કાલિક દુરસ્ત કરવામાં આવી રહ્યા છે.

શહેરના આ અસરગ્રસ્ત વિસ્તારમાં ખાણી-પીણીના બજાર પર તંત્રએ ઘોંસ બોલાવી છે. ખુલ્લામાં પાણી-પુરી જેવા ખાદ્ય પદાર્થોનું વેચાણ થઈ શકશે નહિ તેમજ કોઈપણ ખાદ્ય-પદાર્થને ખુલ્લો રાખી શકાશે નહિ.

તંત્ર દ્વારા આજે પણ અસગ્રસ્ત વિસ્તારમાં પાણીનો સપ્લાય બંધ રાખવામાં આવ્યો છે અને ટેન્કરથી પાણી પુરૂ પાડવામાં આવ્યુ છે. આ વિસ્તારના રહીશોને પાણી ઉકાળી તે પીવા માટે પણ જણાવવામાં આવ્યુ છે તેમજ કલોરીનેશનની ટીકડીઓનું વિતરણ ચાલુ રાખવામાં આવ્યુ છે.

જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે કલોલના આ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ તંત્ર દ્વારા લેવામાં આવેલ પગલાંઓની જાણકારી મેળવી અને સઘન પગલાં લેવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.

કલોલમાં ગઈકાલે ૩ દર્દીઓના મોત થયા હતા જેમાં બે બાળકો અને એક પુરૂષનો સમાવેશ થાય છે. ગઈકાલે રાત્રે ૭થી વધુ દર્દીઓને સઘન સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

## ગુજરાત ઈક્રમટેક્સના નવા પ્રિન્સિપાલ ચીફ કમિશનર તરીકે રવિન્દ્ર કુમારની નિમણૂંક

ગાંધીનગર,તા.૬

ગુજરાત ઈક્રમટેક્સના નવા પ્રિન્સિપલ ચીફ કમિશનર તરીકે રવીન્દ્ર કુમારની નિમણૂંક કરવામાં આવી છે. ૧૯૮૬ બેચના આઈઆરએસ અધિકારી રવીન્દ્ર કુમારે મંગળવારે વિધિવત રીતે ગુજરાતના પ્રિન્સિપાલ ચીફ કમિશનર તરીકે ચાર્જ સંભાળ્યો હતો. ગુજરાતમાં નિમણૂંક પહેલા રવીન્દ્ર કુમાર કેરળ ઈક્રમટેક્સના ચીફ કમિશનર તરીકે ફરજ બજાવતા હતા.

રવીન્દ્ર કુમાર ઝારખંડના વતની છે, તેમણે આઈઆઈટી દિલ્હીમાંથી સિવિલ એન્જીનિયરિંગમાં બી.ટેક કર્યું છે. ઈન્ડિયન રેવન્યુ સર્વિસમાં ૩૪ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા રવીન્દ્ર કુમાર અગાઉ પંજાબ, બિહાર, ઓરિસ્સા, મુંબઈ અને ગુજરાતમાં ફરજ બજાવી ચુક્યા છે. રવીન્દ્ર કુમારની ગુજરાતમાં નિમણૂંક દરમિયાન કોર્પોરેટ ટેક્સ તેમજ વિવિધ કેસમાં ઈન્વેસ્ટિગેટિવ કામગીરી કરી ચુક્યા છે.

આઈઆરએસ રવીન્દ્ર કુમારની બિહારમાં નિમણૂંક દરમિયાન ઘાસચારા કૌભાંડ મામલે મહત્વની કામગીરી કરી ચુક્યા છે. બિહારના ઘાસચારા કૌભાંડમાં ઈક્રમટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરીને લઈને બિહારના તત્કાલીન મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે રાજીનામું આપવુ પડ્યુ હતું.

રવીન્દ્ર કુમાર સ્પોર્ટ્સમાં રસ ધરાવે છે. રવીન્દ્ર કુમારને ગોલ્ફ રમવાનો પણ શોખ છે તેમજ સાયકલિંગ કરવાનો શોખ ધરાવે છે.

ફ્લેટ વેચવાનો છે
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, 1BHK, MIG, ગ્રાઉન્ડ ફ્લોર, ગેસ લાઈન, ફુલ ફર્નિચર, રીનોવેશન કરેલ.
૩૨ લાખ - શૈલેષભાઈ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com